**– આંકઃ૧ લગત હુકમ –**

**ફોજદારી કેસ નંબરઃ533-14**

આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમઃ૩૨૪,૨૯૪(ખ) તથા જી.પી.એકટની કલમઃ૧૩૫(૧) મુજબના ગુનાનુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. આ કામના આરોપીને નામદાર કોર્ટ તરફથી જરૂરી પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલ છે તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે ત્યારબાદ આરોપી સામે તહોમતનામુ આંકઃ૩ થી ફરમાવવામાં આવેલ છે જયારે આરોપીની ગુના સબબે પ્લી આંકઃ૦૪ થી નોંધવામા આવેલ છે ત્યારબાદ સદર કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવતા સાહેદોને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષ તેવા સાહેદોને હાજર રાખી શકેલ નથી. વધુમાં આ કામના આરોપી પણ ઘણા લાંબા સમયથી નામદાર કોર્ટમાં હાજર રહેતા નથી તેઓને વોરંટની પણ બજવણી થઈ શકેલ નથી. સદર કેસ ઘણો જ જુનો હોય, નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશાનુસાર કેસોનો નિકાલ કરવા સારૂ આજરોજ સ્પેશીયલ સીટીંગનુ આયોજન કરવામાં આવેલ હોય જેથી સદર કેસ હાથ પર લેવામાં આવેલ છે. આ કામનુ સમગ્ર રેકર્ડ ઘ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષના સાહેદોને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ હોવાછતાં ફરીયાદપક્ષ સાહેદોના પ્રોસેસોની બજવણી કરી શકેલ નથી તેવા સંજોગોમાં હાલના કેસને આજ સ્થિતીમાં મુકી રાખવામાં આવે તો પણ કોઈ અર્થ સરે તેમ નથી. આમ, સમગ્ર હકિકતો ઘ્યાને લેતા ફરીયાદપક્ષ તેમનો કેસ પુરવાર કરવા સારૂ જરૂરી પુરાવાઓ રજુ કરી શકેલ ન હોય જેથી આ કામના આરોપીને પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તા.૧૨મી માહે નવેમ્બર સને ૨૦૨૨ ના રોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાનમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.
મુકામઃ અમદાવાદ.

( રીન્કુ રાજેશ દેસાઈ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,
કોર્ટ નં.૦૯,અમદાવાદ.
કોડ નંબરઃજીજે–૦૧૦૮૯.